# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૩ તા.૦૯-૦૩-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય:-જિલ્લા આંતરિક બદલીમાં વધની બદલી થયેલ શિક્ષકની મૂળ સિનીયોરીટી ગણવા બાબત.**
**સંદર્ભ:-૧. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક પીઆરઈ/૧૧૨૦૧૯/પ્રાશિનિ-૭૮/ક તા.૬-૩-૨૦૨૧**
**૨. ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ /૨૦૨૧/૧૩૨૪-૭૬ તા.૦૯-૦૩-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, સંદર્ભપત્ર-૧ મુજબ વધની બદલી કરવામાં આવેલ હોય ત્યારે અગાઉની શાળાની સિનિયોરીટી આંતરીક બદલી કેમ્પમાં ગણતરીમાં લેવાનું ઠરાવવામાં આવેલ છે. આથી સંદર્ભપત્ર-૨ મુજબના પરિપત્રથી હાલની શાળાની સિનીયોરીટીને ધ્યાને રાખી જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં અરજી ન કરી શકનાર શિક્ષકોએ શિક્ષણ વિભાગના આદેશ મુજબ ઓનલાઈન અરજી કરી શકશે.

જેઓએ પોતાની વધની બદલીવાળી હાલની શાળાની તારીખ દર્શાવી અરજી કરેલ છે. તેવા શિક્ષકો તેઓની અગાઉની શાળાની સિનીયોરીટીની તારીખમાં સુધારો કરી શકશે. અરજીઓની ચકાસણી કરી માન્ય/અમાન્ય કરવાની પ્રક્રિયાનું ટાઈમ ટેબલ આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવેલ છે. તે મુજબ સંબંધિત શિક્ષકો અરજી કરી શકશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર -૧ અને ૨

તા.૦૯-૦૩-૨૦૨૧

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

૩૪૨૬૭
ઇ.ન. [illegible]


ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૪૭૫૫
Email ID: ds-pri-edu@gujarat.gov.in


પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૯/પ્રાશિનિ-૭૮/ક
તારીખ: ૦૬/૦૩/૨૦૨૧

પ્રતિ,

નિયામકશ્રી,

પ્રાથમિક શિક્ષણની કચેરી,

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨,

ગાંધીનગર– ૩૮૨૦૧૦

વિષય : જિલ્લા આંતરિક બદલીમાં વધથી બદલી થયેલ શિક્ષકની મૂળ સિનિયોરીટી ગણવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના આપની કચેરીના તારીખ ૧૨/૦૨/૨૦૨૧ના પત્ર ક્રમાંક પ્રાશિનિ/કનીતિ/૨૦૨૧/૮૩૮ થી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે જણાવવાનું કે, ઉક્ત દરખાસ્તમાં આપના દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય "વધ બદલી એ વહીવટી પ્રક્રિયાનો ભાગ છે. જેમાં શિક્ષકે બદલાવું ફરજિયાત છે. તેવા સંજોગોમાં તેની અગાઉની શાળાની સિનિયોરીટી શૂન્ય થઇ જાય તો તે આંતરિક બદલી કેમ્પમાં ભાગ લઇ શકે નહિ. જ્યારે વહીવટી રીતે વધની બદલી કરવામાં આવેલ હોય ત્યારે અગાઉની શાળાની સિનિયોરીટી આંતરિક બદલી કેમ્પમાં ગણતરીમાં લેવી જોઇએ." ને સરકારશ્રીનું સમર્થન આપવામાં આવે છે. -

પ્રસ્તુત બાબતે આગળની આનુષાંગિક કાર્યવાહી સત્વરે હાથ ધરવા વિનંતી છે.

બિલ્ડી
[illegible]
૭/૩

આપનો વિશ્વાસુ,

(સુબોધ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

ઈ.નં. 38287

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2021/1324-76
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 09/03/2021

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ, તમામ

વિષયઃ- જિલ્લા આંતરિક બદલીમાં વધની બદલી થયેલ શિક્ષકની મૂળ સિનિયોરીટી ગણવા બાબત.

સંદર્ભઃ- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃપીઆરઈ/112019/પ્રાશિનિ-78/ક તા.6/3/2021

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, ચાલુ વર્ષે જિલ્લા આંતરિક ઓનલાઈન બદલી થયેલ શિક્ષકોની મૂળ સિનિયોરીટી ગણવા આ કચેરીને મળેલ રજૂઆતો અન્વયે આ કચેરીના તા.12/02/2021 ના પત્રથી શિક્ષણ વિભાગને દરખાસ્ત રજૂ કરેલ હતી. જે અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રથી આદેશો થઈ આવેલ છે. જેમાં જણાવ્યા મુજબ "વધ બદલી એ વહીવટી પ્રક્રિયાનો ભાગ છે. જેમાં શિક્ષકે બદલાવું ફરજિયાત છે તેવા સંજોગોમાં તેની અગાઉની શાળાની સિનિયોરીટી શૂન્ય જઈ જાય તો તે આંતરિક બદલી કેમ્પમાં ભાગ લઈ શકે નહિ. જ્યારે વહીવટી રીતે વધની બદલી કરવામાં આવેલ હોય ત્યારે અગાઉની શાળાની સિનિયોરીટી આંતરિક બદલી કેમ્પમાં ગણતરીમાં લેવી જોઈએ." તે બાબતે સરકારશ્રીનુ સમર્થન મળેલ છે.

જે અનુસાર હાલની શાળાની સિનિયોરીટીને ધ્યાને રાખી જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં અરજી ન કરી શકનાર શિક્ષકોએ શિક્ષણ વિભાગના ઉક્ત આદેશ મુજબ ઓનલાઈન અરજી કરી શકશે અને જેઓએ પોતાની વધની બદલીવાળી હાલની શાળાની તારીખ દર્શાવી અરજી કરેલ છે તેવા શિક્ષકો તેઓની અગાઉની શાળાની સિનિયોરીટીની તારીખમાં સુધારો કરી શકશે. આ બાબતે આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ આપવાની રહેશે. ક્રમાનુસાર તાલુકા, જિલ્લા અને નિયામક કચેરી કક્ષાએથી અરજીઓની ચકાસણી કરી માન્ય/અમાન્ય કરવાની પ્રક્રિયાનુ ટાઈમટેબલ નીચે મુજબ છે. જે મુજબ આયોજન હાથ ધરવાનુ રહેશે.

E:\DN\Work\2021\Online Transfer\Online Transfer.docx 14

## ઓનલાઇન શિક્ષક બદલી કાર્યક્રમ

Website: www.dpegujarat.in

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| 1 | 10/03/2021 થી 11/03/2021 | ફક્ત વધથી બદલી થયેલ શિક્ષક/ વિદ્યાસહાયકો દ્વારા આંતરિક બદલીઓ માટે ઓનલાઇન ફોર્મ ભરવાની અને સિનિયોરીટીની તારીખ સુધારવાની કામગીરી |
| 2 | 12/03/2021 | તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરિફિકેશન કરી અને જિલ્લા કક્ષાએ મંજુર અરજી વેલીડેશન માટે રજુ કરવાની કામગીરી |
| 3 | 15/03/2021 | જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે રીજેક્ટ કરી અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની કામગીરી |
| 4 | 16/03/2021 થી 17/03/2021 | ડેટા વેરિફિકેશન અને પ્રોસેસીંગ સમયગાળો DPE |
| 5 | 18/03/2021 | ઓનલાઇન શિક્ષક/વિદ્યાસહાયકોએ આંતરિક બદલીઓના હુકમ મેળવી લેવાની કામગીરી |

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

બિડાણઃ- સંદર્ભદર્શિત પત્રની નકલ.

નકલ રવાનાઃ-

- મેનેજરશ્રી, GIPL, બ્લોક નં-15/2, ઉદ્યોગ ભવન, ગાંધીનગર તરફ

ઉપર જણાવ્યા મુજબનો ઓનલાઈન જિલ્લા આંતરિક બદલીનો કાર્યક્રમ પોર્ટલ પર મૂકવા તથા નિયત કાર્યક્રમ મુજબ પોર્ટલની સુવિધા આપવા સારૂ. . .

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૩-A તા.૦૯-૦૩-૨૦૨૧

(માન્ય શાળા પરિપત્ર નં. ૧ )

તમામ શાળાઓ માટે :-

**વિષય :-પ્રથમ સત્ર નિદાન કસોટીના ધો.૩ થી ૮ ના તમામ વિષયોના સમાન પરીક્ષાના સમયપત્રક અને તે અંગે જરૂરી સૂચનો બાબત.**

**સંદર્ભ :-ક્રમાંક : જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૦-૨૧/૫૧૯૬-૫૬૧૮ તા.૨૨-૨-૨૦૨૧**

આથી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે કોવીડ-૧૯ના કારણે શાળાઓ વિધિસર રીતે શરૂ થઈ શકી ન હતી. પરંતુ શિક્ષણ વિભાગના પ્રયાસોથી વિદ્યાર્થીઓ પોતાના ઘરે રહીને અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમસત્ર દરમ્યાન વિદ્યાર્થીઓ શાળાના બદલે વિવિધ પદ્ધતિઓથી હોમલર્નિંગ દ્વારા અભ્યાસ કરેલ છે. હવે જયારે ધોરણ- ૬ થી ૮માં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું છે. ત્યારે તેઓની શૈક્ષણિક સ્થિતિ જાણીને તેના આધારે શાળામાં રાબેતા મુજબનું શિક્ષણકાર્ય શરૂ થાય તો શિક્ષકોને ઉપચારકાર્ય કરવામાં સરળતા રહે. આ બાબત ધ્યાને લઈને રાજયની તમામ માધ્યમની સરકારી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સમાન પ્રશ્નપત્રોથી કરવાનું વિચારેલ છે. સમગ્ર રાજયમાં પ્રથમસત્ર નિદાન કસોટીના ધો.૩ થી ૮ના તમામ વિષયોની પરીક્ષાનો કાર્યક્રમ નીચે મુજબ છે.

**પ્રથમસત્ર નિદાન કસોટી -૨૦૨૧ સમયપત્રક ધોરણ ૩ થી ૮**

| ક્રમ | તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૫-૦૩-૨૦૨૧ | સોમવાર | ૩ થી ૫ | ગણિત | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | | ૬ થી ૮ | ગણિત | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૨ | ૧૬-૦૩-૨૦૨૧ | મંગળવાર | ૩ થી ૫ | માતૃભાષા | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | | ૬ થી ૮ | માતૃભાષા | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૩ | ૧૭-૦૩-૨૦૨૧ | બુધવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | | ૬ થી ૮ | વિજ્ઞાન | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૪ | ૧૮-૦૩-૨૦૨૧ | ગુરૂવાર | ૩ અને ૪ | પ્રાદેશિક ભાષા | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | | ૫ | હિન્દી | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૫ | ૧૯-૦૩-૨૦૨૧ | શુક્રવાર | ૫ | અંગ્રેજી | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | | | ૬ થી ૮ | અંગ્રેજી | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૬ | ૨૦-૦૩-૨૦૨૧ | શનિવાર | ૬ થી ૮ | હિન્દી | ૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| | | | ૫ | પ્રાદેશિક ભાષા | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| ૭ | ૨૨-૦૩-૨૦૨૧ | સોમવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૧૧-૦૦ થી ૨-૦૦ | ૮૦ |
| | | | ૬ થી ૮ | પ્રાદેશિક ભાષા | ૨-૩૦ થી ૫-૩૦ | ૮૦ |

૧. સદર કસોટીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની વ્યક્તિગત શૈક્ષણિક સ્થિતિ જાણવાનો છે. જેથી ઉપચારકાર્ય થઈ શકે. આથી કસોટીઓને વિષય શિક્ષક શકય હોય એટલી ઝડપી ચકાસી વિદ્યાર્થીવાર ઉપચાર કાર્ય શરૂ થઈ જાય તે ઈચ્છનીય છે. સદર કસોટી જે-તે વિષય શિક્ષકે ચકાસવાની રહેશે. પરીક્ષણ અને નિરીક્ષણ શાળા કક્ષાએ જ કરવાનું રહેશે.

૨. માતૃભાષા,ગણિત, પર્યાવરણ,વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન,પ્રાદેશિક ભાષા,સંસ્કૃત,હિન્દી અને અંગ્રેજી વિષયની સમાન કસોટીઓ અમલી કરવાની રહેશે. તમામ શાળાઓમાં તમામ શૈક્ષણિક વિષયોની કસોટીઓનો અમલ કરવાનો રહેશે.

૩. જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓ તમામ ધોરણની તમામ વિષયની પરીક્ષા આપેલ સમયપત્રક મુજબ યોજવાની રહેશે.

૪. ધો.૩ અને ૪માં વિદ્યાર્થીઓએ ઉત્તરો કસોટીપત્રમાં લખવાના રહેશે. ધોરણ ૫ થી ૮ ના તમામ માધ્યમમાં વિદ્યાર્થીઓને આ સાથે આપવામાં આવેલ જે-તે ધોરણ અને વિષયના પ્રશ્નપત્ર સમયપત્રક મુજબ આપવાના રહેશે. ઉત્તરવહીની વ્યવસ્થા સમગ્ર શિક્ષાની શાળા ગ્રાન્ટમાંથી જે તે શાળાએ કરવાની રહેશે. ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓએ પેનથી જ જવાબ

લખવાના રહેશે. વિદ્યાર્થીઓએ ઉત્તરવહી બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.

**<u>ધો.૬ થી ૮માં શાળામાં આવતા વિદ્યાર્થીઓ</u>** : જે-તે વર્ગખંડમાં કોવિડ-૧૯ની આદર્શ આચારસંહિતા-SOP ના અમલ સાથે ધો.૬ થી ૮માં શાળામાં આવતા વિદ્યાર્થીઓની નિયત સમયપત્રક મુજબ જ જે-તે વિષયની પરીક્ષા લેવાની રહેશે. ધો.૬ થી ૮ના શાળામાં આવતા તમામ વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે ઝેરોક્ષ કોપીવાળા પ્રશ્નપત્રો મળી રહે તેની આગોતરી વ્યવસ્થા શાળાકક્ષાએથી જ કરવાની રહેશે.પરીક્ષાની ગોપનિયતા જળવાઈ રહે તે માટે જે-તે તારીખ અને સમય પહેલા કોઈપણ વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર ન મળે તેની કાળજી જે-તે શાળાએ લેવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પ્રશ્નપત્રને બોર્ડ ઉપર લખવાનું નથી.

**<u>ધો.૬ થી ૮માં શાળામાં ન આવતા વિદ્યાર્થીઓ</u> :** જે વિદ્યાર્થીઓના વાલીઓ શાળામાં આવવાની લેખિત પરવાનગી નથી આપી અથવા શાળામાં આવતા નથી, તેવા તમામ વિદ્યાર્થીઓના ઘરે શાળાની સત્રાંત પરીક્ષા પૂર્ણ થયા પછી તા.૨૩-૦૩-૨૦૨૧ના રોજ વર્ગશિક્ષક દ્વારા પ્રશ્નપત્ર તથા ઉત્તરવહીઓ પહોંચાડવાની રહેશે.

**<u>ધો.૩ થી ૫ના વિદ્યાર્થીઓ :</u>** ધો.૩ થી ૫ના વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવાના નથી. ધો.૩ અને ૪ માં ઉત્તરો કસોટીપત્રમાં જ લખવાના છે તથા ધો.૫ના પ્રશ્નપત્રો-ઉત્તરવહી જે-તે વર્ગ શિક્ષક દ્વારા વિદ્યાર્થીના ઘરે પરીક્ષા પૂર્વે પહોંચાડવાના છે. ધો.૩ થી ૫ના પ્રશ્નપત્રો તથા ઉત્તરવહીને તા.૧૩-૩-૨૦૨૧ સુધીમાં જે-તે વર્ગશિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના ઘરે પહોંચાડવાના રહેશે અને તા.૨૩-૦૩-૨૦૨૧ના રોજ જે-તે વાલી ઉત્તરવહીઓ પરત આપી જાય તેવી સૂચના વાલીઓને આપવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ધો.૩ થી ૫ના વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવા નહી.

ધો.૩ થી ૮માં જે-તે ધોરણ-વિષયની ઉત્તરવહી શાળાના જ જે-તે વિષય શિક્ષક મારફતે ચકાસવાની રહેશે.

૫. તમામ માધ્યમમાં સામાજિક વિજ્ઞાનની પરીક્ષા વખતે ઉત્તરવહીની સાથે ધો.૬માં ભારત રાજકિય નકશો તેમજ ગણિત વિષયની પરીક્ષા વખતે ધો.૮માં ઉત્તરવહીની સાથે આલેખપત્ર શાળા દ્વારા આપવાના રહેશે.

૬. વિદ્યાર્થીની જે-તે વિષયની ઉત્તરવહી ઉપર બિડાણ-૧ મુજબની શીટ મુકીને વિદ્યાર્થીએ મેળવેલા પ્રશ્નવાર ગુણ લખીને તેને સ્કેન કરીને અપલોડ કરવાથી આપોઆપ ડેટા એન્ટ્રી થનાર હોઈ બિડાણ-૧ મુજબની શીટ ઉત્તરવહીના પ્રથમ પાના ઉપર મુકવાની રહેશે.

૭. પરિણામની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેનો કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા અભિયાન મારફતે અલગથી આપવામાં આવશે. સમયમર્યાદામાં ડેટા એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે.

૮. પ્રશ્નપત્રોની સોફટ કોપી પણ આ સાથે બિડાણમાં આપવામાં આવેલ છે.

૯. નિદાન કસોટીઓ સામયિક મૂલ્યાંકન કસોટીની જેમ અધ્યયન નિષ્પત્તિઓના આધારે તૈયાર કરવામાં આવેલ છે. જેથી ઉપચાર કરવા માટેની અધ્યયન નિષ્પત્તિઓ અલગ તારવી શકાય.પ્રથમ સત્ર નિદાન કસોટીમાં પ્રથમસત્રનો અભ્યાસક્રમ સામેલ કરવામાં આવેલ છે.

બિડાણ :- **૧. વિદ્યાર્થીએ મેળવેલ ગુણની પ્રશ્નવાર વિગત દર્શાવતી શીટ**
**૨. ઈ.મેઈલ - ૧ માં અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી માધ્યમના પ્રશ્નપત્ર સામેલ છે.**
**૩. ઈ.મેઈલ - ૨ માં તામીલ અને ઉર્દૂ માધ્યમના પ્રશ્નપત્ર સામેલ છે.**
**૪. ઈ.મેઈલ - ૩ માં મરાઠી માધ્યમના પ્રશ્નપત્ર સામેલ છે.**

તા.૦૯-૦૩-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

| વિદ્યાર્થી આઈ.ડી. | | | | |
|---|---|---|---|---|
| **પ્રશ્નો** | **સંખ્યાઓ** | | **પ્રશ્નો** | **સંખ્યાઓ** |
| 1 | | | 7 | |
| 2 | | | 8 | |
| 3 | | | 9 | |
| 4 | | | 10 | |
| 5 | | | 11 | |
| 6 | | | 12 | |

સંખ્યાઓને વર્તુળ કરો